# હિસાબ નિયામકશ્રીની કચેરી

## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮૧૧૦ (ગુજરાત)

ઇન્કમ ટેક્ષ ડીપાર્ટમેન્ટ દ્વારા ઇન્કમ ટેક્ષ / ટીડીએસની વિવિધ જોગાવાઇઓ બાબતેના સેમીનારમાં હાજર રહેવા બાબત.

**-: પરિપત્ર :-**

આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ અને ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે ડેપ્યુટી કમીશ્નર ઓફ ઇન્કમટેક્ષ, ટીડીએસ, બરોડા તરફથી ઇન્કમ ટેક્ષ / ટીડીએસની વિવિધ જોગાવાઇઓ અંગેના માર્ગદર્શન યુનિવર્સિટીના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ અને અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને મળી રહે તે માટે યુનિવર્સિટી ખાતે તા. ૨૬/૧૨/૨૦૧૪ના રોજ એક દીવસીય સેમીનારનું આયોજન કરવા જણાવેલ જે અન્વયે યુનિવર્સિટી ખાતે નીચે દર્શાવેલ સ્થળ અને સમયે સેમીનારનું આયોજન કરેલ છે. આથી તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને અને ટેક્ષની કામગીરી કરતા સંબધીત કર્મચારીઓને ઉક્ત સેમીનારમાં હાજર રહેવા જણાવવામાં આવે છે. વધુમાં યુનિટ/સબ યુનિટના અન્ય અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને ઇન્કમ ટેક્ષ/ ટીડીએસની વિવિધ જોગાવાઇઓ અંગેનું માર્ગદર્શન જરૂરી હોય તો તેઓ પણ તેમના યુનિટ અધિકારીશ્રીની મંજુરી મેળવી સેમીનારમાં હાજર રહે શકે છે.

| | | |
|---|---|---|
| સેમીનાર | :- | SEMINAR ON AWARENESS ABOUT INCOME TAX & TDS PROVISIONS. |
| તારીખ | :- | ૨૬/૧૨/૨૦૧૪ (શુક્રવાર). |
| સમય | :- | સવારના ૧૧.૦૦ કલાકે |
| સ્થળ | :- | ઓડીટોરીયમ, બી.એ. કોલેજ, આ.કૃ.યુ., આણંદ. |

આથી તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને અને ટેક્ષની કામગીરી કરતા સંબધીત કર્મચારીઓને ઉક્ત સેમીનારમાં હાજર રહેવા જણાવવામાં આવે છે તેમજ ઇન્કમ ટેક્ષ અને ટીડીએસ અંગે જરૂરી માર્ગદશન તેમજ પ્રશ્નોના નિકાલ અંગે ઇન્કમ ટેક્ષ વિભાગના અધિકારીશ્રીઓ સાથે ઉક્ત સેમીનારમાં ચર્ચા પણ કરી શકાશે.

અત્રેની નોંધ પર માન. કુલપતિશ્રીની મળેલ મંજુરી અનુસાર સદરહું પરિપત્ર જારી કરવામાં આવે છે.

(સહી)
હિસાબ નિયામક

નં. આકૃયુ/હિની/વહટ/૭૫૧૧-૨૧/૨૦૧૪
તારીખ: ૨૪/૧૨/૨૦૧૪

નકલ રવાના :

(૧) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ સંબધિત અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને ઉક્ત સેમીનારમાં હાજર રહેવા જણાવવા સારૂ.

(૨) તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ ઇન્કમ ટેક્ષ અને ટીડીએસની કામગીરી કરતા સંબધિત કર્મચારીશ્રી સાથે હાજર રહેવા સારૂ..

નકલ સવિનય રવાના :

(૧) શ્રી સશાંક એમ. દીયોજકર, ડેપ્યુટી કમીશ્નર ઓફ ઇન્કમટેક્ષ, ટીડીએસ, બરોડા, રૂમ નં. ૫, ગ્રાઉન્ડ ફ્લોર,આયકર ભવન, રેસ કોર્સ સર્કલ, બરોડા.

(૨) નિયામકશ્રી – ઇન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી, આ.કૃ.યુ., આણંદ તરફ વેબ સાઇટ પર મુકવા સારૂ.

(૩) વહીવટી-વ-હિસાબી અધિકારી / હિસાબી અધિકારી (કેશ)/ઓડીટ ઓફીસર/હિસાબી અધિકારી (પીએફ/પેન્શન), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.